Department
of Health &
Social Care

# જાહેર માહિતી પત્રિકા

# NHS ની ચાલુ કે સતત હેલ્થકેર અને NHS-નિધિયનવાળી નર્સીંગ કેર

**NHS કન્ટિન્યૂઈંગ કે ચાલુ હેલ્થકેર એન્ડ NHS-ફન્ડેડ નર્સીંગ કેર માટેના નેશનલ ફ્રેમવર્ક કે રાષ્ટ્રીય માળખાને સપોર્ટ કરવા વિષે**

પ્રકાશિત ડિસેમ્બર 2018

| |
|---|
| **DH ID** બોક્સ |
| શીર્ષક: **NHS** કન્ટિન્યૂઇંગ કે ચાલુ હેલ્થકેર એન્ડ **NHS-** ફન્ડેડ નર્સીંગ કેર વિષેની જાહેર જનતા માટે માહિતી પત્રિકા |
| લેખક:<br><br>SCLGCP-SCP 25370 |
| દસ્તાવેજનો હેતુ- લક્ષ્ય:<br><br>જાહેર જનતા માટે માહિતી પત્રિકા |
| પ્રકાશનની તારીખ:<br><br>ડિસેમ્બર 2018 |
| લક્ષ્યાંક શ્રોતાઓ કે વાચકો:<br><br>જાહેર જનતા<br><br>આરોગ્ય (હેલ્થ) અને સોશ્યલ કેરના ધંધાધારીઓ |
| સંપર્ક વિગતો:<br><br>NHS Continuing Healthcare and NHS-funded Nursing Care team<br>Department of Health and Social Care<br>39 Victoria Street<br>London SW1H 0EU |

ઓપન ગવર્નમેન્ટ લાઈસન્સની શરતો હેઠળ કોઈ પણ ફોર્મેટ કે રચનામાં અથવા માધ્યમમાં વિના મૂલ્યે આ દસ્તાવેજમાં રહેલ ટેક્સ્ટ કે વિષયનો ફરીથી- ઉપયોગ કરી શકો (લોગોના સમાવેશ વગર). આ લાઈસન્સને જોવા, મુલાકાત લો

www.nationalarchives.gov.uk/doc/open-government-licence/

© ક્રાઉન કોપીરાઇટ 2016

ફક્ત PDF રચનામાં, gov.uk, માટે પ્રકાશિત

www.gov.uk/dh

પ્રકાશિત ડિસેમ્બર 2018

# અનુક્રમણિકા


વિષયવસ્તુ ........ 3

પ્રસ્તાવના ........ 4

NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર (ચાલુ આરોગ્યસંભાળ)........ 5

પ્રાથમિક આરોગ્યની જરૂરિયાત ........ 7

આકારણીઓ ........ 8

ઝડપથી શોધવા માટેના માર્ગનું સાધન (ફાસ્ટ ટ્રેક પાથવે ટૂલ) ........ 12

પછીના કદમો- પગલાઓ........ 13

સમીક્ષાઓ ........ 15

યોગ્યતા માટેના નિર્ણયની સમીક્ષા કરવા માટે વ્યક્તિગત વિનંતીઓ ........ 16

NHS-નિધિયનવાળી નર્સીંગ કેર ........ 17

# પ્રસ્તાવના

**ડિસબિલિટિ કે વિકલાંગતા, અકસ્માત અથવા બીમારીના પરિણામે જે લોકોને હેલ્થ અને સોશ્યલ કેર ધંધાધારીઓ પાસેથી ચાલુ કેર અને સપોર્ટની જરૂર હોય તેવા લોકો માટે આ પત્રિકા કોઈ એક માર્ગદર્શિકા છે. કોઈ એક વ્યક્તિ NHS ચાલુ હેલ્થકેર માટે યોગ્યતા ધરાવે છે કે નહિ તે નકકી કરવામાં આવતી કાર્યવાહીનો તેમાં ખુલાસો કરવામાં આવે છે (જેનો વારંવાર ઉલ્લેખ NHS CHC, અથવા કેવળ CHC તરીકે કરવામાં આવે છે).**

અમે એ સ્વીકારીએ છીએ કે ચાલુ- સતત કેર માટેના નિધિયન કરવાની ગોઠવણો ગૂંચવણભરેલ અને ખૂબજ સંવેદનશીલ હોઈ શકે, અને લોકોને તેઓના જીવનના કોઈ અનિશ્ચિત તબકકે ઘણીવખત અસર કરી શકે. અસ્તિત્વમાં રહેલ રાષ્ટ્રીય માર્ગદર્શન એવી ખાતરી કરે છે કે ઇંગ્લેન્ડમાં રહેતા કોઇ પણ સ્થળ પ્રત્યે તે ધ્યાન આપ્યા વગર, NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર કે ચાલુ આરોગ્યસંભાળ દરેકને ન્યાયી કે વાજબી અને એકધારી સુગમતા – પ્રવેશ આપે છે. આવુ આ માર્ગદર્શન, કે જેને નેશનલ ફ્રેમવર્ક ફોર NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર અને NHS- નિધિયનવાળી કે ફન્ડેડ નર્સીંગ કેર (ધ નેશનલ ફ્રેમવર્ક) કહેવામાં આવે છે, તે દર્શાવે છે કે NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેરની યોગ્યતા કેવી રીતે નકકી કરવામાં આવે છે અને જરૂરિયાતોની કેવી રીતે આકારણી કરી અને સંબોધન કરવું જોઇએ.

આવુ નેશનલ ફ્રેમવર્ક 2007 માં પહેલી વખત રજૂ કરવામાં આવ્યુ હતુ અને 2018 માં તેને સૌથી તાજેતરમાં અધતન કરવામાં આવેલ છે. નેશનલ ફ્રેમવર્કના એટલેકે રાષ્ટ્રીય માળખાના 2018 ના કોઇ પણ સુધારાઓ અને સ્પષ્ટતાઓ યોગ્યતાના માનદંડ માટે, અથવા તેની સુગમતાને, NHS કન્ટિન્યુઇંગ હેલ્થકેરમાં કે ચાલુ આરોગ્યસંભાળમાં જરાયે ફેરફાર કરવાનો ઈરાદો રાખતા નથી. આ પત્રિકા, નેશનલ ફ્રેમવર્કના 2018 ના અધતનમાં કરવામાં આવેલ ફેરફારોને ધ્યાનમાં લે છે.

## સામાન્ય એક્રનિમ્સ કે બીજા શબ્દોના આધાક્ષરોનો બનેલ શબ્દ

**CHC (**અથવા **NHS CHC)** = NHS કન્ટિન્યૂંઇંગ હેલ્થકેર

**DST** = ડિસિઝન સપોર્ટ ટૂલ

**FNC** = NHS-ફન્ડેડ નર્સીંગ કેર

**CCG** = ક્લિનિકલ કમિશનીંગ ગ્રૂપ

**MDT** = મલ્ટિડિસિપ્લિનરિ ટીમ

# NHS કન્ટિન્યૂંઇંગ હેલ્થકેર કે ચાલુ આરોગ્યસંભાળ

## NHS કન્ટિન્યૂંઇંગ હેલ્થકેર કે ચાલુ આરોગ્યસંભાળ એ શું છે?

NHS ની ચાલુ આરોગ્યસંભાળ એ કોઇ એક ચાલુ- સતત કેરનું પેકેજ છે કે જેની વ્યવસ્થા અને નિધિયન એકમાત્ર નેશનલ હેલ્થકેર સર્વિસ (NHS) દ્વારા કરવામાં આવેલ હોય છે અને જે સરખામણીમાં નાની સંખ્યાના (ઊચી કક્ષાની જરૂરિયાતવાળા) લોકોના માટે નિશ્ચિત કરવામાં આવેલ હોય છે કે જેઓને 'મૂળ- અસલ કે પ્રાથમિક આરોગ્યની જરૂર' માટે પ્રાપ્ત કરવામાં આવેલ હોય (જૂઓ નીચે પ્રાયમરિ હેલ્થ નીડ વિભાગમાં વધારે). આવી કેર 18 વર્ષની ઉંમરના અથવા તેનાથી મોટી ઉંમરની કોઇ એક વ્યક્તિ માટે આરોગ્ય અને જોડાયેલ સામાજિક સંભાળની જરૂરિયાતો સંતોષવા પૂરી પાડવામાં આવે છે અને જે ડિસબિલિટિ, અકસ્માત અથવા બીમારીના પરિણામે ઉપસ્થિત થયેલ હોય.

NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર મફત મળે છે, કે જે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા પૂરા પાડવામાં આવેલ સપોર્ટની માફક હોતી નથી, અને તેમાં કોઇ એક વ્યક્તિની આવક અને બચતના આધારે નાણાકીય ફાળો- હિસ્સો આપવાનું સમાવિષ્ટ થઇ શકે. NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવનાર કોઇ એક વ્યક્તિ માટે સપોર્ટનું યોગ્ય પેકેજ નકકી કરવા ક્લિનિકલ કમિશનિંગ ગ્રૂપ (CCG) જવાબદાર હોય છે.

## NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે કોણ યોગ્ય હોય છે?

18 વર્ષની ઉપરના લોકો, કે જેઓને 'મૂળ – પ્રાથમિક આરોગ્યની જરૂર' હોય તેવી આકારણી થયેલ લોકો NHSની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવે છે. NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટેની યોગ્યતા કોઇ એક વિશિષ્ટ રોગ, નિદાન અથવા સ્થિતિ, અને નહિકે કોણ આવી કેર પૂરી પાડે છે અથવા કયાં કેર કે સંભાળ પૂરી પાડવામાં આવે છે તેના ઉપર આધારિત હોતી નથી.

## NHS ની ચાલુ આરોગ્યઅંભાળ માટે તમે કેવી રીતે યોગ્યતા ધરાવી શકો?

કોઇ એક તપાસસૂચિ કે ચેકલિસ્ટ સાથે સ્ક્રીનીંગ કે તપાસ કરનારી કાર્યવાહીને અનુસરીને યોગ્યતાની પૂરેપૂરી આકારણી કરવામાં આવે છે કે જેથી કોઇ એક વ્યક્તિ NHSની ચાલુ- સતત આરોગ્યસંભાળ માટે યોગ્ય છે કે નહિ તે નકકી કરવામાં મદદરૂપ બને છે. આવી કાર્યવાહી વિષે વધારે માહિતી આ પત્રિકામાં મોડેથી મળી રહેશે.

## NHS ની ચાલુ આરોગ્યસંભાળ તમને કયાંથી મળી શકે?

તમને કોઇ પણ સેટિંગમાં NHSની ચાલુ આરોગ્યસંભાળ મળી શકે (સિવાયકે કોઇ એક ગંભીર રોગની હોસ્પિટલોમાંથી) – તમારા પોતાના રહેઠાણ અથવા કેર હોમના સમાવેશ સાથે. જો તમે તમારા પોતાના રહેઠાણમાં NHS ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્ય હોય તેવુ જાણવામાં આવે તો, NHS તમારી આકારણી કરેલ આરોગ્ય અને તેની સાથે જોડાયેલ સોશ્યલ કેરની જરૂરિયાતો સંતોષવા કેર અને સપોર્ટના પેકેજની NHS ચૂકવણી કરશે. જો તમે કોઇ એક

કેર હોમમાં આવી NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર કે ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્ય હશો તો, NHS તમારા કેર હોમની ફીઝ સાથે, રહેવાની સગવડની સાથે બોર્ડિંગ- ભોજનનો ખર્ચ ચૂકવશે.

## શું મારે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે ચૂકવણી કરવી પડશે?

ના. તમારા કેર પ્લાનમાં નિશ્ચિત કરવા પ્રમાણે પૂરા પાડવામાં આવેલ NHS કેર પેકેજ તમારા આરોગ્ય અને તેની સાથે જોડાયેલ સોશ્યલ કેરની જરૂરિયાતો સંતોષશે. NHS દ્વારા પૂરી પાડવામાં આવેલ અને/અથવા નિધિયન કરવામાં આવેલ સર્વિસીસ કેર પ્લાનમાં દર્શાવવામાં આવશે. અમુક સંજોગોમાં તમને કદાચ વધારાની ખાનગી કેર સેવાઓ ખરીદવાની ઇચ્છા થઇ શકે, પણ આવો નિર્ણય અનિવાર્યપણે સ્વૈચ્છિક કે વોલન્ટરિ હોવો જોઇએ. વધારાની કોઇ પણ સેવાઓ જે તમે પસંદ કરી ખરીદવા ઇચ્છો તે આવી આકારણી કરવામાં આવેલ જરૂરિયાતો સંતોષશે નહિ અને જે માટે CCG જવાબદાર હોય છે.

## શું NHS ની ચાલુ આરોગ્યસંભાળ કે કન્ટિન્યૂઇંગ હેલ્થકેર કાયમ માટે હશે?

એવુ જરૂરી નથી. એકવખત જયારે તમે NHS ચાલુ આરોગ્યસંભાળ કે કન્ટિન્યૂઇંગ હેલ્થકેર માટે યોગ્યતા ધરાવો ત્યારે, NHS દ્વારા તમારી કેરનું નિધિયન કરવામાં આવશે.

સામાન્યરીતે, તમારા કેર પેકેજની સમીક્ષા ત્રણ મહિનાઓ પછી કરવામાં આવશે, અને ત્યારબાદ દર બાર મહિને. આવી સમીક્ષાઓ એવુ કેન્દ્રિત કે ફોકસ કરશે કે તમારા કેર પ્લાન અથવા ગોઠવણો તમારી જરૂરિયાતો સંતોષવા યોગ્ય રહે છે કે નહિ.

જો તમારી જરૂરિયાતો એવા વિસ્તારે બદલે કે જે કદાચ તમારી NHS ની ચાલુ આરોગ્યસંભાળની યોગ્યતાને અસર કરી શકે, તો પછી CCG ને તમારી યોગ્યતાની પૂરી આકારણી કરવાની ગોઠવણ કરવી પડે. આનો અર્થ એવો થઇ શકે કે તમારી નિધિયન કરવાની ગોઠવણમાં ફેરફાર થાય, કારણકે NHS ની ચાલુ આરોગ્યસંભાળની યોગ્યતાનો આધાર સ્થિતિ અને/અથવા રોગનિદાન કરતી જરૂરિયાતો ઉપર હોય છે (નીચે 'રિવ્યૂઝ- સમીક્ષાઓના વિભાગમાં વધારે જૂઓ.)

# પ્રાથમિક આરોગ્યની જરૂરિયાત

'પ્રાયમરિ હેલ્થ નીડ – પ્રાથમિક આરોગ્યની જરૂરિયાતનો વિચાર કે વિભાવના એવુ નકકી કરવામાં મદદરૂપ બને છે કે NHS માટે તમારી જરૂરિયાતો સંતોષવા કઈ આરોગ્યની સેવાઓ યોગ્ય છે, અને સ્થાનિક સત્તાવાળાઓએ કઈ સેવાઓ પૂરી પાડવી જોઈએ. અમે એવુ સ્વીકરીએ છીએ કે આવો વિચાર કે વિભાવના પ્રમાણિક કે આટીઘૂંટી વિનાનો હોતો નથી. આમ છતાં પણ, તમને પ્રાથમિક આરોગ્યની જરૂર છે કે નહિ તેનો નિર્ણય કરવા, કોઇ એક યોગ્યતા માટેની આકારણી કરવામાં આવશે કે જે ચાર મહત્વના વિશિષ્ટ લક્ષણોના સંબંધમાં તમારી લાગતીવળગતી જરૂરિયાતોની સમગ્રતાની તપાસ કરશે.

- **પ્રકાર:** આ તમારી જરૂરિયાતોના પ્રકાર અને લક્ષણોનું વર્ણન કરી, અને તમારા ઉપર આવી જરૂરિયાતોની એકંદર અસર જણાવશે, કે જેમાં તેનો પ્રબંધ કરવા દરમ્યાનગીરીના પ્રકારનો સમાવેશ હશે.

- **તીવ્રતા:** આ તમારી જરૂરિયાતોની સખતાઇ અને વિસ્તાર છે અને તે સંતોષવા રાખવામાં આવતો સપોર્ટ, કે જેમાં લાગલગાટ/ ચાલુ કેરના સમાવેશ સાથેની જરૂરિયાત

- **ગૂંચવણતા:** રોગના ચિહેનો, પરિસ્થિતિ (ઓ)ની સારવાર કરી, અને/ અથવા કેરનો પ્રબંધ કરવાનું અનુશ્રવણ કરવામાં આવશ્યકતા રાખવામાં આવતી કુશળતાના લેવલ અને કેવી રીતે તમારી જરૂરિયાતો રજૂ થઇ અને પારસ્પરિકક્રિયા કરે છે.

- **પૂર્વસૂચનીયતા વગર:** તમારી જરૂરિયાતોમાં કઈ ડિગ્રી કે માત્રામાં ફેરફાર થઇ અને તેનાથી તેનો પ્રબંધ કરવામાં નિર્માણ થતા પડકારો અને તેમાં સમાવેશ થતા તમારા આરોગ્ય માટે જોખમ- ભય, જો પૂરેપૂરી અને સમયસરની કેર પૂરી પાડવામાં આવે નહિતો.

જો એવુ નકકી કરવામાં આવે કે તમને પ્રાથમિક આરોગ્યની જરૂર છે તો, તમે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવો છો.

નેશનલ ફ્રેમવર્કમાં પ્રાથમિક આરોગ્ય જરૂરિયાત વિષે તમે વધારે વાંચી શકશો (ફકરાઓ 54 –66).

# આકારણીઓ- અસેસમેન્ટસ

## NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે કોણ યોગ્યતા ધરાવે છે તે વિષે નિર્ણય કરવા

યોગ્યતાની આકારણી કરી અને નિર્ણય કરવાની કાર્યવાહી વ્યક્તિ- કેન્દ્રિત હોવી જોઈએ. આનો અર્થ એવો થાય કે આકારણી અને કેર આયોજન કરવાની કાર્યવાહીમાં તમને કેન્દ્રિત સ્થાને રાખવા.

આનો અર્થ એવો થાય કે આકારણી કરવાની કાર્યવાહીમાં તમને સંપૂર્ણ ભૂમિકા ભજવવાની તક- અવકાશ આપવામાં આવે અને જયાં જરૂર રહે ત્યાં સપોર્ટ મળે તેની ખાતરી કરવામાં આવે. તમને તમારા દ્રષ્ટિબંદુ કે વિચારોની સ્પષ્ટતા કરવામાં મદદની જરૂર પડે ત્યારે તમે કોઈ એક મિત્ર અથવા સગા- સંબંધીને તમારા પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા વિનંતી કરી શકો.

NHS ની ચાલુ આરોગ્યસંભાળની સંપૂર્ણ આકારણી કરવાની કાર્યવાહીમાં બે કદમો- ઉપાયોનો ઘણુકરીને સમાવેશ થાય છેઃ તપાસસૂચિના સાધનનો ઉપયોગ કરી બારીકાઈપૂર્વકની તપાસ કરવી અને ડિસિઝન સપોર્ટ ટૂલનો ઉપયોગ કરી યોગ્યતાની આકારણી કરવી (ઝડપી કાર્યવાહી કરવાના માર્ગ- ટ્રેક ઉપરની માહિતી માટે જૂઓ પાનું 12).

## તપાસસૂચિના ટૂલનો ઉપયોગ કરી બારીકાઈપૂર્વકની તપાસ કરવી

મોટા ભાગની વ્યક્તિઓની બારીકાઈપૂર્વક આકારણી કરવાની કાર્યવાહીમાં ચેકલિસ્ટનો ઉપયોગ કરવાનું એ પ્રથમ કદમ હોય છે. આવા ચેકલિસ્ટનો ઉપયોગ વિવિધ સેટિંગ્સમાં કરવાથી પ્રેક્ટિશનરોને એવા લોકોને નિશ્ચિત કરવામાં મદદરૂપ બની શકે કે જેઓને NHS ની ચાલુ આરોગ્યસંભાળ – કન્ટિન્યૂઇંગ હેલ્થકેર માટે યોગ્યતાની સંપૂર્ણ આકારણી કરવાની જરૂર રહે.

આવુ ચેકલિસ્ટ એવુ દર્શાવતુ નથી કે તમે NHS ચાલુ-સતત આરોગ્યસંભાળ માટે યોગ્ય છો કે નહિ, ફકત તમારી યોગ્યતાની સંપૂર્ણ આકારણીની જરૂર છે કે નહિ. માહિતગાર રહેવુ તે મહત્વનું છે કે જે મોટા ભાગના લોકોની આવી 'બારીકાઈપૂર્વક તપાસ- સ્ક્રીન –ઈન' કરવામાં આવે તે માટે (પોઝિટિવ ચેકલિસ્ટ હોય) એકવખત જયારે સંપૂર્ણ આકારણી કરવામાં આવે ત્યારે યોગ્યતા ધરાવતા નથી એવુ જાણવા મળે છે.

આવા ચેકલિસ્ટનો થ્રેશોલ્ડ કે સીમાંત ઈરાદાપૂર્વક એવી રીતે નીચો રાખવામાં આવ્યો છે કે જેથી કરીને ખાતરી કરી શકાય કે જેઓને NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર- ચાલુ- સતત આરોગ્યસંભાળ માટે યોગ્યતાની આકારણી કરવાની જરૂર હોય તેઓને આ તક મળે.

# તપાસયૂચિ કે ચેકલિસ્ટ કયારે પૂર્ણ કરવી જોઈએ?

જયારે તમારી ચાલુ જરૂરિયાતો જણાવવામાં આવે ત્યારે યોગ્ય સમયે અને સ્થળે આવી NHS ચાલુ આરોગ્યસંભાળની બારીકાઈભરી તપાસ કરવી જોઇએ. તમે જયારે હોસ્પિટલમાં અથવા કમ્યૂનિટિ સેટિંગમાં હો ત્યારે આવી તપાસયૂચિ પૂર્ણ કરી શકાય.

સામાન્યરીતે, આવી તપાસસૂચિના અંતે તમને, અને તમારી સાથે તમારા કોઇ પણ પ્રતિનિધિને હાજર રહેવાની તક આપવી જોઇએ.

કંઇ દરેકેદરેકને આવી ચેકલિસ્ટ પૂર્ણ કરવાની જરૂર હોતી નથી. એવી ઘણી બધી પરિસ્થિતિઓ હોય છે કે જયાં આવા ચેકલિસ્ટ પૂર્ણ કરવાની જરૂર હોતી નથી, ખાસ કરીને જયારે એવુ કોઈ સૂચન ન હોય કે તમને કદાચ NHS ચાલુ આરોગ્યસંભાળની જરૂર પડી શકે અથવા જયારે તમે ટૂંકા સમયની બીમારીમાંથી રિકવર કે પુનઃપ્રાપ્તિ થઈ રહયા હોય અને તમારી લાંબા સમય- ગાળાની જરૂરિયાતો હજી સ્પષ્ટ ન હોય.

## તપાસસૂચિના પરિણામો

તપાસસૂચિ પૂર્ણ કર્યાને અનુસરીને બે સંભવનીય પરિણામો હોય છે:

• **નેગટિવ** ચેકલિસ્ટ, એટલેકે તમને યોગ્યતા માટેની સંપૂર્ણ આકારણીની આવશ્યકતા રહેતી નથી, અને તમે NHSની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્ય નથી; અથવા

• **પોઝિટિવ** ચેકલિસ્ટ એટલેકે હવે તમને NHSની ચાલુ- સતત આરોગ્યસંભાળ માટે સંપૂર્ણ આકારણીની આવશ્યકતા રહે છે, પણ તેનો એવો કોઇ જરૂરી અર્થ થતો નથી કે તમે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે હવે યોગ્યતા ધરાવો છો.

## નેગટિવ ચેકલિસ્ટને અનુસરીને હવે પછીના કદમો- ઉપાયો

કોઇ એક નેગટિવ ચેકલિસ્ટનો અર્થ એવો થાય કે યોગ્યતા માટે તમને સંપૂર્ણ આકારણીની આવશ્યકતા નથી અને તેથી તમે NHS ની ચાલુ આરોગ્સંભાળ માટે યોગ્ય નથી.

જો તમે એવુ માનો કે આવા ચેકલિસ્ટનું પરિણામ સાચુ નથી, તો પછી તમે CCGને પરિણામની ફરીથી વિચારણા કરવા વિનંતી કરી શકો.

## પોઝિટિવ ચેકલિસ્ટને અનુસરીને હવે પછીના કદમો- ઉપાયો

કોઇ એક પોઝિટિવ ચેકલિસ્ટનો અર્થ એવો થાય કે તમને NHS ચાલુ આરોગ્યસંભાળ કે કન્ટિન્યૂઇંગ હેલ્થકેર માટે યોગ્યતાની સંપૂર્ણ આકારણીની આવશ્યકતા રહે છે.

તમારા CCG આવી સંપૂર્ણ આકારણી કરવા માટે ગોઠવણ કરશે. કોઇ એક પોઝિટિવ ચેકલિસ્ટ મળ્યાનો એવો અર્થ જરૂરી થતો નથી કે તમને NHS ની ચાલુ આરોગ્યસંભાળની યોગ્યતા મળે તેવુ જાણવામાં આવે છે.

## NHS ચાલુ- સતત આરોગ્યસંભાળ માટે યોગ્યતાની સંપૂર્ણ આકારણી

યોગ્યતાની સંપૂર્ણ આકારણી માટે, ધંધાધારીઓ કે પ્રફેશનલ્સની કોઈ એક મલ્ટિડિસિપ્લિનરિ કે બહુશાખીય ટીમ (કે જેઓનો ઘણુ કરીને MDT તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે) આકારણી કરશે કે તમને કોઇ એક પ્રાથમિક આરોગ્યની જરૂર છે કે નહિ અને તે માટે ડિસિઝન સપોર્ટ ટૂલનો ઉપયોગ કરશે, (ઘણીવખત DST તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે).

કોઈ એક MDT એ બે અથવા વધારે ધંધાધારીઓની બનેલ હોય છે, અને સામાન્યરીતે તેમાં હેલ્થ અને સોશ્યલ કેર ધંધાધારીઓ, એમ આ બન્નેનો સમાવેશ કરવામાં આવે છે અને જેઓની પાસે તમારા આરોગ્ય અને સોશ્યલ કેરની જરૂરિયાતો વિષે માહિતી- જ્ઞાન હોય છે અને જયાં શકય બને ત્યાં, તાજેતરમાં તમારી સારવારની આકારણી અથવા કેરમાં સમાવિષ્ટ થયેલ હોય.

આવી આકારણી કરવા માટેની કાર્યવાહીનું સંકલન કરવા CCG કોઈ એક વ્યક્તિને નિશ્ચિત કરવા જવાબદાર હશે, અને આવી વ્યક્તિ તમારા સંપર્કનું મહત્વનું પોઈન્ટ હોવું જોઈએ.

આવી આકારણીમાં, તમારી પરવાનગી સાથે,, તમારી જરૂરિયાતોના સમગ્ર ચિત્રની રચના કરવા તમારી કેરમાં સમાવિષ્ટ થયેલ શ્રેણીબધ્ધ કે હારમાળાના ધંધાધારીઓનો ફાળો હશે. આને 'જરૂરિયાતોની આકારણી' કહેવામાં આવે છે. તમારી જરૂરિયાતોનું કોઈ એક નિખાલસ કે સાચુ ચિત્ર સિધ્ધ કરવામાં તમારા પોતાના વિચારોની સાથે પ્રફેશનલ્સના વિચારોને યોગ્ય મહત્વતા આપવામાં આવશે. 'ડિસિઝન સપોર્ટ ટૂલ' પૂર્ણ કરવા આવી મલ્ટિડિસિપ્લિનરિ ટીમ ત્યારબાદ તમારી જરૂરિયાતોની આકારણીમાંથી માહિતીનો ઉપયોગ કરશે. જો કે આવી મલ્ટિડિસિપ્લિનરિ ટીમ સામાન્યરીતે 'મોઢા મોઢ' મળતી હોય છે, પણ વ્યક્તિ જાતે મળી રહે તેમ ન હોય તો કોઇકવખત આવી ટેકનોલજિનો ઉપયોગ કરનાર લોકોના ફાળા- હિસ્સાનો સમાવેશ કરી શકાય.

## ડિસિઝન સપોર્ટ ટૂલનો ઉપયોગ કરી NHS કન્ટિન્યૂઇંગ હેલ્થકેર માટે યોગ્યતાની આકારણી કરવા

NHS CHC માટેની યોગ્યતાનો આધાર તમારી જરૂરિયાતો ઉપર રહે છે, નહિકે તમારા રોગના નિદાન અથવા સ્થિતિ ઉપર. આવો ડિસિઝન સપોર્ટ ટૂલ તમારી જરૂરિયાતોની આકારણીમાંથી માહિતી ભેગી કરી અને એવીરીતે રજૂઆત કરે છે કે જે NHS ચાલુ આરોગ્યસંભાળની કે કન્ટિન્યૂઇંગ હેલ્થકેરની યોગ્યતાની બાબતમાં સુસંગતરીતે નિર્ણય કરવામાં મદદરૂપ બને છે. આવુ ડિસિઝન સપોર્ટ ટૂલ 12 'કેરના ક્ષેત્રમાં' તમારી વિવિધ જરૂરિયાતોને ભેગી કરી અને રિકોર્ડ કરે છે કે જેનું સંખ્યાબંધ લેવલ્સમાં વિભાજન કરવામાં આવે છે.

આવા ટૂલનો હેતુ- લક્ષ્ય મલ્ટિડિસિપ્લિનરિ ટીમને તમારી જરૂરિયાતોની પૂર્વસૂચનીયતા વગર, તેની તીવ્રતા, ગૂંચવણતા અને પ્રકારની આકારણી કરી – અને તમને 'પ્રાયમરિ હેલ્થ નીડ- પ્રાથમિક આરોગ્ય જરૂરિયાત' છે કે નહિ તેની ભલામણ કરે છે.

આવી મલ્ટિડિસિપ્લિનરિ ટીમ CCGને ત્યારબાદ ભલામણ કરશે કે તમને પ્રાયમરિ હેલ્થની જરૂરિયાત છે કે નહિ, કે જે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટેની તમારી યોગ્યતા નકકી કરશે. સામાન્યરીતે CCG આવી ભલામણનો સ્વીકાર કરે છે, સિવાયકે તેઓના નિર્ણય માટે અપવાદરૂપ સંજોગો અને તેની સાથે સ્પષ્ટરીતે ચોખ્ખા કરણો હોય.

## NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતાના નિર્ણયની જાહેરાત કે

## સૂચના

CCG ને સૂચના મળ્યાની તારીખથી 28 કેલેન્ડર દિવસોની અંદર સામાન્યરીતે NHS ની ચાલુ આરોગ્યસંભાળની બાબતમાં યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ કે તમને યોગ્યતાની સંપૂર્ણ આકારણીની જરૂર છે (સામાન્યરીતે પોઝિટિવ તપાસસૂચિ મારફતે), જો કે થોડીક- અમુક પરિસ્થિતિમાં 28 દિવસો કરતાં નિર્ણય કરવા વધારે સમય થઈ શકે. ત્યારબાદ CCG એ તમને શકય હોય તેટલી જલદીથી લિખિતમાં માહિતી આપી, તેઓના નિર્ણયના સ્પષ્ટ કારણો આપી જણાવવુ જોઈએ કે તમે યોગ્યતા ધરાવો છો કે નહિ. આવા નિર્ણયની સમીક્ષા કરવા માટેની તમારી વિનંતી કરવાના તમારા અધિકારનો પણ ખુલાસો કરવો જોઈએ.

# ઝડપથી શોધવા માટેના માર્ગનું સાધન

જો તમારી જલદીથી બગડતી સ્થિતિ હોય, કે જે છેવટના તબકકામાં (ટર્મિનલ ફેઝ) જઈ રહી હોય, તો પછી તમને NHS ની ચાલુ આરોગયસંભાળની તાકીદે સુગમતા- પ્રવેશ મેળવવા "ફાસ્ટ ટ્રેકિંગની' આવશ્યકતા રહે.

આવા ફાસ્ટ ટ્રેક પાથવેમાં કોઇ તપાસસૂચિ અથવા ડિસિઝન સપોર્ટ ટૂલ પૂર્ણ કરવાની આવશ્યકતા રહેતી નથી. તેને બદલે, કોઇ એક યોગ્ય ક્લિનિસિઅન આવુ ફાસ્ટ ટ્રેક પાથવે ટૂલ પૂર્ણ કરી NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટેની તમારી યોગ્યતા સિધ્ધ કરશે.

આવા ક્લિનિસિઅન ફાસ્ટ ટ્રેક પાથવે ટૂલ પૂર્ણ કરેલ તમારા CCG ને સીધા મોકલી કે જે તમારા માટે કોઈ કેર પેકેજ પૂરું પાડવામાં આવે તેની ગોઠવણ કરશે, સામાન્યરીતે પૂર્ણ થયેલ ફાસ્ટ ટ્રેક પાથવે ટૂલ મળ્યાના 48 કલાકોની અંદર હશે.

તમારા CCG એ તમારી કેરની જરૂરિયાતો અને તમારા કેર પેકેજની અસરકારકતાની સમીક્ષા કરવી જોઇએ. એવા કોઇ થોડાક- અમુક પ્રસંગો હોઇ શકે કે જયાં ડિસિઝન સપોર્ટ ટૂલનો ઉપયોગ કરી NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટેની તમારી યોગ્યતાની ફરીથી બંધબેસતી આકારણી કરવાની જરૂરી બને. જો આવુ જરૂરી બનશે તો, તમારા CCG 'આકારણીઓ- અસેસમેન્ટસ' વિભાગમાં ઉપર જણાવેલ (પાના 8) માં વિગતવાર આપેલ કાર્યવાહીનો સંભાળપૂર્વક ખુલાસો કરશે.

# હવે પછીના કદમો- ઉપાયો

## જો તમે NHS ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવતા ન હોય તો શું?

જો તમે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવતા ન હો તો, (તમારી પરવાનગી સાથે) CCG તમારો ઉલ્લેખ તમારા સ્થાનિક સત્તાવાળાને કરશે, કે જેઓ તમારી સાથે ચર્ચા કરશે કે તમે તેઓના તરફથી સપોર્ટની યોગ્યતા ધરાવી શકો કે નહિ. જો તમે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવો નહિ, પણ હજી પણ થોડીક આરોગ્યની જરૂરિયાતો હોય, તો પછી NHS કદાચ હજી પણ તમારા સપોર્ટ પેકેજના ભાગ- અંશની ચૂકવણી કરશે. આને 'જોઇન્ટ પેકેજ ઓફ કેર' તરીકે ઓળખવામાં આવે છે. આવી રીતે પૂરી પાડવાની એક રીત એ NHS- ફન્ડેડ નર્સીંગ કેર મારફતે હોય છે (જૂઓ 'NHS-ફન્ડેડ નર્સીંગ કેર' નીચે). તમારી જરૂરિયાતો સંતોષવામાં મદદરૂપ બનવા NHS કદાચ બીજા ફન્ડીંગ- નિધિયન અથવા સેવાઓ પણ પૂરી પાડી શકે.

જો તમારા થોડાક- અમુક કેર પેકેજના નિધિયનમાં સ્થાનિક સત્તાવાળા સમાવિષ્ટ થતા હોય, કે જેનો આધાર તમારી આવક અને બચત ઉપર હોય તો, તમને તમારા કેર પેકેજના ભાગ- અંશની કિંમત પેટે તેઓને તમારે કદાચ ફાળો- હિસ્સો આપવાનો રહે. આવા જોઇન્ટ પેકેજ કેરમાં NHS ના ઘટકો માટે કોઇ ચાર્જ હોતો નથી.

તમે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવતા હોય કે નહિ, તો છતાં પણ બીજા કોઇ NHS દરદીની માફક એકજ સરખીરીતે તમારા વિસ્તારના NHS માંથી તમને બીજી બધી સેવાઓનો ઉપયોગ કરવાનો હજી પણ અધિકાર હોય છે.

જો તમને તમારી યોગ્યતાના નિર્ણયના પરિણામ સાથે અસંતોષ રહે તો, તમારા અધિકારો વિષે વધારે માહિતી માટે 'કૃપા કરી ઇન્ડિવિડયૂઅલ રિકવેસ્ટસ ફોર એ રિવ્યૂ ઓફ એન લિજિબિલિટિ ડિસિઝન' વિભાગ જૂઓ.

## NHS ની ચાલુ આરોગ્સંભાળ માટે પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે જો તમે હકદાર હો તો

જો તમે NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્યતા ધરાવતા હશો તો, તમારા CCG તમારી કેરનું આયોજન, કમિશર્નીંગ સર્વિસીસ અને તમારી કેસના મેનેજમેન્ટ માટે જવાબદાર હશે. CCG તમારી સાથે વિકલ્પોની ચર્ચા કરશે કે કેવીરીતે તમારી કેર અને સપોર્ટ જરૂરિયાતો શ્રેષ્ઠરીતે પૂરી પાડી અને તેનો પ્રબંધ કરવામાં આવશે.

તમારી જરૂરિયાતો કેવી રીતે સંતોષવામાં આવે તે નકકી કરવા, તમારી ઇચ્છાઓ અને પસંદગીય પરિણામોનું યોગ્ય ધ્યાન આપવામાં આવશે. કેર મેળવવા માટે (દા.ત. ઘરમાં અથવા કેર હોમમાં) તેની સાથોસાથ તમારી જરૂરિયાતો

કેવી રીતે અને કોના દ્વારા પૂરી પાડવામાં આવશે તેમાં તમારા પસંદગીય સેટિંગ વિષેની ચર્ચાઓને સમાવિષ્ટ કરવી જોઇએ.

તમારા કેર પ્લાનમાં નિશ્ચિત કર્યા મૂજબ, NHS કેર પેકેજ તમારી આકારણી કરેલ આરોગ્ય અને તેની સાથે જોડાયેલ સોશ્યલ કેરની જરૂરિયાતો સંતોષશે.

# સમીક્ષાઓ- રિવ્યૂઝ

તમારા યોગ્યતા માટેના હકારાત્મક કે પોઝિટિવ નિર્ણય કર્યાના ત્રણ મહિનાઓની અંદર, તમારા કેર પેકેજની સામાન્યરીતે સમીક્ષા કરવામાં આવશે. આ પછી તમારી વધારે સમીક્ષાઓ ઓછામાં ઓછી વાર્ષિક ધોરણે- ભૂમિકાએ કરવામાં આવશે.

આવી સમીક્ષાઓનું કેન્દ્રિકરણ કે ફોકસ એ માટે હશે કે તમારો કેર પલાન અથવા કરવામાં આવેલ ગોઠવણો તમારી જરૂરિયાતો સંતોષવા માટે યોગ્ય છે કે નહિ. તમારા કેર પ્લાનમાં કોઈપણ બંધબેસતુ તે મૂજબ કરવામાં આવશે.

આવી સમીક્ષા વખતે સૌથી તાજેતરમાં પૂર્ણ કરવામાં આવેલ ડિસિઝન સપોર્ટ ટૂલ સામાન્યરીતે મળી રહેશે, અને તેનો ઉપયોગ જરૂરિયાતોમાં કોઇપણ સંભવનીય ફેરફાર નિશ્ચિત કરવાના ઉલ્લેખ માટેના પોઇન્ટ તરીકે કરવામાં આવશે.

જો તમારી જરૂરિયાતોમાં એવા વિસ્તાર સુધી ફેરફાર થયો હશે કે જેની અસર તમારી NHS ની ચાલુ આરોગ્યસંભાળ ઉપર થઇ હશે, તો પછી CCG યોગ્યતાની સંપૂર્ણ ફરીથી આકારણીની ગોઠવણ કરી શકે, કે જે ઉપર જણાવેલ આકારણીના વિભાગમાંની રૂપરેખાની કાર્યવાહીના સુમેળમાં હશે.

નહિકે NHS, કે નહિ સ્થાનિક સત્તાવાળા ચાલુ કે અસ્તિત્વમાં રહેલ કેર અથવા ફન્ડીંગની ગોઠવણો, તમારી જરૂરિયાતોની સંયુકત ફરીથી આકારણી વગર, અને એક બીજા સાથે પહેલા સલાહમંત્રણા કર્યા વગર, અને તમારી સાથે, આવી ગોઠવણમાં કોઇ પણ સૂચિત ફેરફાર વિષે તે પાછી ખેંચી શકે નહિ, તેની સાથોસાથ એવી ખાતરીથી કે વૈકલ્પિક ફન્ડીંગ અથવા સેવાઓ અમલમાં રહે.

# યોગ્યતાના નિર્ણયની સમીક્ષા કરવા માટે કોઈ એક વ્યક્તિગત વિનંતીઓ

તપાસસૂચિ કે ચેકલિસ્ટનો ઉપયોગ કરી, બારીકાઈપૂર્વકની તપાસને અનુસરીને, NHS ની ચાલુ આરોગ્યસંભાળ કે કન્ટિન્યૂંઇંગ હેલ્થકેર માટેની યોગ્યતાની સંપૂર્ણ આકારણી કરવા આગળ નહિ વધવાના નિર્ણયમાં જો તમે સહમત ન થાઓ તો, તમે CCG ને નિર્ણયની ફેરવિચારણા કરવા વિનંતી કરી શકો.

જો તમે CCG દ્વારા યોગ્યતા સાથેના નિર્ણયમાં સહમત ન થાઓ (કે જે ડિસિઝન સપોર્ટ ટૂલ પૂર્ણ કર્યાના સમાવેશ સાથે યોગ્યતાની સંપૂર્ણ આકારણી પછી), અથવા તેના યોગ્યતાના નિર્ણયમાં પહોંચવા માટે CCG દ્વારા અનુસરવામાં આવેલ કાર્યવાહી વિષે જો તમને કોઇ ફિકર- ચિંતા થાય તો, તમે સ્થાનિક રેઝોલ્યૂશન પ્રોસેસ મારફતે CCG ને તમારા કેસની સમીક્ષા કરવા વિનંતી કરી શકો.

જયાં સ્થાનિક રેઝોલ્યૂશન કે સમાધાનવાળી કાર્યવાહી મારફતે બાબતની પતાવટ કરવાનું શકય ન હોય તો, તમે NHS ઇંગ્લેન્ડને નિર્ણય માટે નિષ્પક્ષ સમીક્ષા કરવા અરજી કરી શકો.
નિષ્પક્ષ સમીક્ષા કરતા પહેલાં વધારે સ્થાનિક પ્રસ્તાવ કરવાનો પ્રયત્ન કરવા CCG ને NHS ઇંગ્લેન્ડ વિનંતી કરવાનો વિચાર કરી શકે.

આવી નિષ્પક્ષ સમીક્ષાને અનુસરીને, જો મૂળ- અસલ નિર્ણય સમર્થિત બને, પણ તમને અસંતોષ હોય તો, તમને પાર્લામેન્ટરિ એન્ડ હેલ્થ સર્વિસ ઓમ્બડસમેનને (Parliamentary and Health ServiceOmbudsman) ફરિયાદ કરવાનો અધિકાર હોય છે.

કોઇપણ વ્યક્તિને, NHS, સ્થાનિક સત્તાવાળા અથવા કેરના કોઇપણ પ્રોવાઇડર તરફથી મળતી સેવાના કોઇ પણ પાંસા વિષે ફરિયાદ કરવાનો અધિકાર હોય છે. લાગતીવળગતી સંસ્થા પાસેથી આવી ફરિયાદ કરવાના કાર્યવાહીની વિગતો મળી રહે છે.

# NHS-નિધિયનવાળી કે ફન્ડેડ નર્સીંગ કેર

નર્સીંગવાળા કેર હોમમાં રહેલ વ્યક્તિઓ, કે જયાં ઘણુ કરીને આવા કેર હોમ્સ દ્વારા રજિસ્ટર્ડ થયેલ નર્સીસને નોકરીએ રાખવામાં આવે છે. આવી રજિસ્ટર્ડ થયેલ નર્સ દ્વારા આવી નર્સીંગ કેરના નિધિયન પૂરી પાડવાની જોગવાઇ કરવા માટે, NHS કેર હોમને સીધી ચૂકવણી કરતી હોય છે. આને 'NHS- ફન્ડેડ નર્સીંગ કેર' કહેવામાં આવે છે અને તે સ્ટેન્ડર્ડ કે સ્થાપિત ધોરણના ખર્ચ પેટેના ફાળા- હિસ્સાના દરે યોગ્યતા ધરાવતી વ્યક્તિઓને રજિસ્ટર્ડ નર્સીંગ કેર પૂરી પાડવામાં આવે છે. સ્થાનિક સત્તાવાળાઓને આવી નિધિયનવાળી રજિસ્ટર્ડ નર્સીંગ કેર પૂરી પાડવા અથવા તે માટે પરવાનગી આપવામાં આવતી નથી (સિવાયકે ખૂબજ મર્યાદિત સંજોગોમાં).

આવી રજિસ્ટર્ડ નર્સીંગ કેરમાં ઘણા બધા કેરના જુદા પાંસાઓનો સમાવેશ કરવામાં આવે છે. તેમાં સીધા નર્સીંગ કામકાજ કરવાની સાથોસાથ આયોજન કરવાનું, નિરીક્ષણ અને તમારી જરૂરિયાતો સંતોષવા નર્સીંગ અને આરોગ્યસંભાળના કામકાજનું અનુશ્રવણ કરવાનો સમાવેશ થાય છે.

## NHS- નિધિયનવાળી નર્સીંગ કેર માટે યોગ્યતાનો નિર્ણય કરવા

NHS નિધિયનવાળી નર્સીંગ કેરની તમારી જરૂરિયાત વિષે કોઇ નિર્ણય લેવામાં આવે તે પહેલાં NHS- કન્ટિન્યૂઇંગ હેલ્થકેર કે ચાલુ આરોગ્યસંભાળ માટેની તમારી યોગ્યતાની હંમેશા વિચારણા કરવી જોઇએ.

તમે NHS- નિધિયનવાળી નર્સીંગ કેર માટે યોગ્યતા ધરાવી શકો જોઃ

- તમે NHS ચાલુ આરોગ્યસંભાળ માટે યોગ્ય કે હકદાર નથી પણ રજિસ્ટર્ડ થયેલ નર્સની સેવાઓ મેળવવા તરીકે આકારણી કરવામાં આવેલ હોય, અને એવુ નકકી કરવામાં આવે કે તમારી એકંદરે આવી કેર નર્સીંગવાળા કેર હોમમાં સૌથી યોગ્યરીતે જરૂરિયાતો સંતોષી શકાય તેમ હોય છે; અને

- નર્સીંગ કેર પૂરી પાડવા માટે રજિસ્ટર્ડ થયેલ કેર હોમની અંદરના તમે કોઇ એક રહેવાસી છો.

## NHS- નિધિયનવાળા નર્સીંગ કેર માટેની આકારણી

જો તમારી પાસે પહેલેથી કોઇ એક સંપૂર્ણ મલ્ટિડિસિપ્લિનરિ NHS ની ચાલુ આરોગ્યસંભાળ માટેની યોગ્યતાની આકારણી હોય તો તમને કોઇ એક NHS- નિધિયનવાળી નર્સીંગ કેરની જુદી આકારણીની જરૂર નથી, કારણકે આવા મોટા ભાગના કેસીસમાં આવી કાર્યવાહી NHS- ફન્ડેડ- નિધિયનવાળી નર્સીંગ કેરની જરૂરિયાત માટે નિર્ણય કરવા CCG ને પૂરતી માહિતી આપશે.

જો જરૂર જણાશે તો, તમારી CCG, NHS-નિધિયનવાળી- ફન્ડેડ નર્સીંગ કેર માટે તમે યોગ્ય છો કે નહિ તે નકકી કરવામાં મદદરૂપ બનવા આકારણી માટે ગોઠવણ કરશે. આવા નિર્ણયનો આધાર નર્સીંગ જરૂરિયાતોની આકારણી ઉપર રહી શકે કે જે રોજ- બ- રોજની કેર- સંભાળ અને સપોર્ટની જરૂરિયાતો નિશ્ચિત કરે છે. જે લોકોને NHS ની

ચાલુ આરોગ્યસંભાળની યોગ્યતા માટે સંપૂર્ણ આકારણીની આવશ્યકતા રહેતી હોય ન હોય તેઓ હજી પણ NHS-ફન્ડેડ નર્સીંગ કેર માટે યોગ્ય હોઇ શકે.

## NHS- નિધિયનવાળી નર્સીંગ કેરનો રેટ- દર

2007 ના સમયથી, NHS- ફન્ડેડ નર્સીંગ કેરનો આધાર કોઇ સિંગલ- બેન્ડ રેટ ઉપર રહેલ છે. ઉપર દર્શાવેલ મૂજબ, આ રેટ કે દર રજિસ્ટર્ડ નર્સ દ્વારા નર્સીંગ કેરની જોગવાઇને સપોર્ટ કરવા માટે NHS દ્વારા પૂરા પાડવામાં આવતા ફાળા- હિસ્સા મૂજબ હોય છે. જો તમે NHS- ફન્ડેડ કે નિધિયનવાળી નર્સીંગ કેર માટે યોગ્ય હશો તો, તમારી CCG કેર હોમને સીધી ચૂકવણી કરવાની ગોઠવણ કરશે કે જે નકકી કરેલ રાષ્ટ્રીય દર પ્રમાણે હશે. બાકી રહેલ કેર હોમના સિલકની ફી તમે, તમારા પ્રતિનિધિ અથવા તમારા સ્થાનિક સત્તાવાળા કરશે (અથવા આવા સંમિશ્રણની), સિવાયકે બીજી કરારને લગતી ગોઠવણો કરવામાં આવી હોય.

## NHS- ફન્ડેડ નર્સીંગ કેરની સમીક્ષાઓ

NHS- ફન્ડેડ નર્સીંગ કેરની સમીક્ષાઓ સામાન્યરીતે 3 મહિનાઓ પછી કરવામાં આવે છે, અને ત્યારબાદ ઓછામાં ઓછી દર વર્ષે. આવી સમીક્ષાઓમાં, વિચારણા કરવામાં આવશે કે તમારી જરૂરિયાતોમાં ફેરફાર થયેલ છે કે નહિ અને જે એવી હોય કે તમે કાંતો NHS- નિધિયનવાળી- ફન્ડેડ નર્સીંગ કેર માટે યોગ્ય ન હો અથવા તમે હવે NHS કન્ટિન્યૂંઇંગ હેલ્થકેર – ચાલુ આરોગ્યસંભાળ માટે કદાચ યોગ્ય છો. તમે હવે NHS ચાલુ અરોગ્યસંભાળ માટે યોગ્ય છો કે નહિ તે નકકી કરવા માટે આવી NHS- નિધિયનવાળી નર્સીંગ કેરની સમીક્ષા વખતે સામાન્યરીતે તપાસસૂચિ પૂર્ણ કરવામાં આવશે. આમ છતાં પણ, જયાં આવા તપાસસૂચિ – યાદી અને/ અથવા ડિસિઝન સપોર્ટ ટૂલ અગાઉ પૂર્ણ કરવામાં આવેલ હોય, અને એવુ સ્પષ્ટ હોય કે તમારી જરૂરિયાતોમાં કોઇ વાસ્તવિક ફેરફાર નથી, તો પછી આવી તપાસસૂચિ અથવા ડિસિઝન સપોર્ટ ટૂલનું પુનરાવર્તન કરવાનું જરૂરી નથી.

## NHS- ફન્ડેડ કે નિધિયનવાળી નર્સીંગ કેરના નિર્ણય સાથે અસંતોષ

જો તમને NHS- નિધિયનવાળી નર્સીંગ કેરના નિર્ણય સાથે અસંતોષ હોય તો, આવા નિર્ણયની સમીક્ષા કરવા માટે તમે CCG ને વિનંતી કરી શકો અને/અથવા CCG ની ફરિયાદ કાર્યવાહીનો ઉપયોગ કરી શકો.